# Nephrotic Syndrome

Dr .Ketan H Shah
MD Ped
Ketan children hospital
Majura gate road , Suart .
ketanhet@gmail.com
ph : 9374715812

- ✓ **૧. Nephrotic Syndrome એટલેશું ?**
  - તમારા બાળકને Nephrotic Syndrome ની બિમારી છે. આ બિમારીમાં કીડની પર સોજો આવી જાય છે.અને પેશાબમાંથી પ્રોટિન જાય છે.
- ✓ **૨. આ બિમારીમાં શું કીડની ને નુકશાન થાય છે ?**
  - સામાન્ય રીતે કીડનીની કાર્ય કરવાની ક્ષમતાને કોઈ નુકશાન થતું નથી. પરંતુ દવાની નિયમિતતા અને વારંવાર લોહી પેશાબની તપાસની જરુરિયાત પડતી હોય છે.તેથી કોઈવાર કીડનીને નુકશાન થાય છે.
- ✓ **૩. ડોક્ટર, શરુઆતમાં આપ કઈ કઈ તપાસ કરશો ?**
  - શરુઆતમાં અમે લોહી-પેશાબની તપાસ કરીશું, છાતીનો x-ray કરીશું , ટી.બી.ની તપાસ કરીશુંઅને પછી દવા શરુ કરીશું.
- ✓ **૪. દવા અસર કરે છે એવું કઈ રીતે ખબર પડશે ?**
  - દવા શરુ કર્યા પછી ૧૦-૧૫ દિવસ પછી પેશાબમાંથી પ્રોટિન જવાનું ઓછું થશે. એના પછી તરત સોજા ઓછા થશે,
- ✓ **૫.દવાનો કોર્ષ કેટલા મહિનાનો રહેશે ?**
  - ત્યારબાદ દવા ચાલુ રાખવાની રહેશે. પહેલીવાર નિદાન થયા પછી દવાનો કોર્ષ લગભગ ૩ મહિનાનો રહેશે.
- ✓ **૬.દવા સાથે અમને કઈ સૂચના આપવાની રહેશે ?**
  - શરુઆતના એક-દોઢ મહિના રોજ ૨-૩ વાર અને ત્યારબાદ એક દિવસ છોડીને દવા આપવાની રહેશે.
    આ માટે કેલેન્ડર અને ડાયરી રાખવી જેથી દવા સમજવામાં સરળતા રહે.
    દવા સ્ટીરોઈડની છે. નામથી ગભરાવાની જરુરીયાત નથી. આ જ દવા અસરકારક છે.
    આ દવા શરુ કર્યા પછી મોટેભાગે ૨-૩ મહિના કેટલીક રસી આપી શકાશે નહિ.
- ✓ **૭. અમારે શી કાળજી રાખવાની રહેશે ?**
  - જો તાવ આવે, ઉલટી થાય, ઝાડા થાય તો તરત ડોકટરનો સંપર્ક કરવો.
    સોજા વધુ આવે તો ડોકટરનો સંપર્ક કરવો.

પેશાબ ઓછો થઈ જાય તો ડોકટરનો સંપર્ક કરવા.

✓ **૮. શું આ બિમારી ફરી ઉથલો મારશે ?**

- હા, ઘણીવાર ૧૩-૧૪ વર્ષની ઉમરનું બાળક થાય ત્યાં સુધી વારંવાર બિમારી ઉથલો મારી શકે છે. આ સમયે સ્ટીરોઈડની દવા ઓછામાં ઓછા કોર્ષમાં દા.ત. 5 mg એક દિવસ છોડીને ૬-૯ મહિના સુધી આપવી પડે છે.

✓ **૯. સ્ટીરોઈડની દવાની અસર ન થાય તો ?**

- આવી શકયતા ૧૦-૨૦ ટકા કેસમાં રહેલી છે. આ થોડી ચિંતાજનક માંદગી કહી શકાય. આમાં કીડની ફેઈલ થવાની શકયતા વધારે છે. સ્ટીરોઈડની દવા જેવી બંધ કરવાનો પ્રયત્ન કરે એવું પ્રોટિન જવાની શરુઆત થઈ જાય છે. આવા બાળકમાં બીજા પ્રકારની દવા આપવી પડે છે. સ્ટીરોઈડ શરુ કર્યા પછી પણ જો અક મહિનામાં પ્રોટિન જવાનું પ્રમાણ ઓછું ન થાય તો આને અમે Steroid resistant Nephrotic Syndrome કહીએ છીએ. આમાં કીડનીની Biopsy લેવાની પણ જરુર પડે છે. અને કીડનીના ખાસ ડોકટરની સલાહથી દવા લેવી પડે છે.

✓ **૧૦. આ બિમારી વખતે અથવા એ પછી કોઈ ખાસ રસી લેવાની જરુરીયાત ખરી ?**

- સ્ટીરોઈડની ચાલુ દવાએ કેટલીક રસી આપી શકાય નહિ.

  સ્ટીરોઈડની દવા જયારે એક દિવસ છોડીને ચાલતી હોય ત્યારે કેટલીક રસી આપવી ખૂબ જરુરી છે.

  - Pneumococcal
  - Meningococcal
  - Chickenpox.
  - H. Influ
  - Influenza Virus Vaccine.
  - જે નિયમિત રસીઓ મૂકવાની હોય તે ચાલુ રાખવી.
  - જો સ્ટીરોઈડની દવા પૂરા ડોઝમાં રોજ ચાલતી હોય તો પલ્સ પોલિયાની રસી પિવડાવવી નહિ.